12362

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

**૨૭ જાન્યુઆરી, ૨૦૨૦**

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય : ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયે પ્રોત્સાહન નીતિ અંગેના ઠરાવોની મુદત પુરી થતાં તેની મુદત લંબાવવા બાબત.**

**અનુ.: (૧) ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારોની તા. ૩૦-૧૨-૨૦૧૯ના રોજની આપશ્રી સાથે મિટિંગ.**

**(૨) અત્રેની કચેરીથી આપશ્રીને ઉદ્દેશીને લખાયેલ તા. ૧૪-૧૨-૨૦૧૯ના પત્રક્રમાંક ૧૨૧૮૦.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

સવિનય ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનું કે રાજ્યમાં ઉદ્યોગોના વિકાસને વેગ આપવા સરકારશ્રી દ્વારા ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયે જુદા જુદા ઠારાવોથી વિવિધ પ્રોત્સાહનો જાહેર કરવામાં આવેલ હતા. જેમાં MSME એકમો માટેની પ્રોત્સાહન યોજના, માર્કેટ ડેવલપમેન્ટ માટેની સહાય યોજના, ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની સહાય યોજના, એન્વાયર્મેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની યોજના, લેબર ઈન્ટેનસીવ ઈન્ડસ્ટ્રીઝ માટેની સહાય યોજના, પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ માટેની સહાય યોજના, સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટેની સહાય યોજના જેવી અનેક પ્રોત્સાહન યોજનાઓનો સમાવેશ થાય છે. આ તમામ યોજનાઓનો ઉદ્યોગ સાહસિકોએ લાભ લઈ અને રાજ્યના ઔદ્યોગિક વિકાસ તથા રોજગારીમાં મહત્ત્વનો ફાળો આપેલ છે. ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અન્વયેની ઉપરોક્ત તમામ યોજનાઓ તા. ૩૧-૧૨-૨૦૧૯ના રોજ પુરી થઈ ગયેલ છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા હજી સુધી જુની યોજનાઓને ચાલુ રાખવા માટે કોઈ જાહેરાત કરેલ નથી આના અભાવે રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થાપવા માંગતા તેમજ હયાત ઉદ્યોગોમાં વિસ્તરણ/નવીનીકરણ કરવા માંગતા ઉદ્યોગકારોમાં તેમના સૂચિત પ્રોજેક્ટમાં મળવાપાત્ર પ્રોત્સાહનો અંગે અસમંજસની પરિસ્થિતિ ઉભી થયેલ છે. ઘણા બધા ઉદ્યોગ સાહસિકો આ અંગે ચેમ્બર્સમાં પૃચ્છા/ રજૂઆત પણ કરે છે.

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer



વધુમાં તા. ૩૦-૧૨-૨૦૧૯ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદના હોદ્દેદારોની આપશ્રી સાથે મિટિંગમાં પણ આ બાબતે ચર્ચા થયેલ હતી. જેમાં આપશ્રીએ આ બાબતે હકારાત્મક નિર્ણય લેવા જણાવેલ હતું. પરંતુ આજદિન સુધી યોજનાઓની મુદત પુરી થવા છતાં હયાત યોજનાઓને ચાલુ રાખવા માટે કોઇ જાહેરાત કરવામાં આવેલ નથી.

આમ ઉપરોક્ત વિગતોને ધ્યાને લેઇ હયાત નીતિઓને ચાલુ રાખવા માટે તાત્કાલિક નિર્ણય લઇ જાહેરાત કરવા આપને અમારી નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

**નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે :**

૧. **શ્રી અનિલ મુકીમ, (આઇએએસ)**
*મુખ્ય સચિવશ્રી*
ગુજરાત રાજ્ય, સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

૨. **શ્રી એમ. કે. દાસ, (આઇએએસ)**
અગ્ર સચિવશ્રી
ઉદ્યોગ અને ખાણ વિભાગ
બ્લોક નં.૫, ૩જો માળ, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**બિડાણ : અનુ. પત્રની નકલ**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY


V. P. VAISHNAV | PARTH GANATRA | NAUTAM BARASIYA | KISHOR RUPAPARA | UTSAV DOSHI
President | Vice President | Hon. Secretary | Hon. Jt. Secretary | Treasurer


RCCI/221

૪, નવેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજય, નવા સચિવાલય,
**ગાંધીનગર.**

**વિષય : ઈન્ડસ્ટ્રીયલ પોલીસીની સમય મર્યાદા વધારાવા બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

સવિનય જણાવવાનું કે રાજય સરકારશ્રી દ્વારા તા.૧–૧–૨૦૧૫માં ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૧૫ અમલમાં લેવાયેલ અને બાદ ઘણા MSME ઉદ્યમીઓએ આ યોજના અંતર્ગત લાભ મેળવેલ હોય અને ઘણા MSME ઉદ્યોગો હાલમાં આ યોજનામાં સંકળાયેલ છે.

વિશેષમાં જણાવવાનું કે હાલ આ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી તા.૩૧–૧૨–૨૦૧૯માં પુર્ણ થનાર છે. જે પોલીસી ના ચાલું પ્રોજેકટ, રેવેન્યું વહિવટી પ્રક્રિયા, ભારે વરસાદ, વાવાઝોડું તથા અવાર નવાર સર્જાતા લો પ્રેશરના કારણે ચોમાસું પાચેક માસથી લંબાયેલ હોય અને વૈશ્વિક મંદીના માહોલના કારણે સમયસર પુર્ણ થઈ શકે તેમ ન હોય માટે આ પોલીસીને તા.૩૧–૧૨–૨૦૧૯ ના બદલે પુરા થતાં ચાલું નાણાંકિય વર્ષ તા.૩૧–૩–૨૦૨૦ સુધી મુદત વધારી આ અંગે ઘટતું કરવા આપશ્રીને વિનંતી છે.

આભાર સહ,

આપનો સ્નેહાધિન,

નીતમ બારસીયા
માનદ્મંત્રી


Centre Point, Karansinhji Road, Rajkot-360001 (Gujarat) India. ● Phone : +91 0281 2227400/2227500
Fax : +91 0281 2230824 ● Email : rajkotchamber@yahoo.co.in, Web : www.rajkotchamber.com

# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ · ૧૯૪૯ થી કાર્યરત

12180

૧૪ ડિસેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય: ગુજરાત ઔદ્યોગિક નીતિની સમય મર્યાદા વધારવા બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું.

આપ સુવિદિત છો તેમ ગુજરાતની ઔદ્યોગિક નીતિ તા. ૩૧-૧૨-૨૦૧૯માં પૂર્ણ થનાર છે. આ ઔદ્યોગિક નીતિ તા. ૧-૧-૨૦૧૫થી અમલમાં આવ્યા બાદ ઘણાં MSME ઉદ્યોગોએ આ યોજના અંતર્ગત લાભ મેળવ્યો અને ઘણાં MSME એકમો હાલમાં આ યોજનામાં સંકળાયેલ છે.

આપ વિદિત છો તેમ આ વર્ષે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે રાજ્યમાં લૉ પ્રેશર સર્જાતા ચોમાસું પાંચેક માસથી લંબાયેલ છે. પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિ ઉપરાંત વૈશ્વિક મંદીના માહોલને કારણે ચાલુ પ્રોજેક્ટ અને તેની રેવન્યુ વહીવટી પ્રક્રિયા સમયસર પૂર્ણ થઇ શકે તેમ ન હોય આ ઔદ્યોગિક નીતિને ચાલુ નાણાકીય વર્ષ એટલે તા. ૩૧-૩-૨૦૨૦ સુધી મુદત વધારી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આ અંગે અમારા સભ્ય રીજનલ ચેમ્બર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ આપશ્રીને અગાઉ પત્ર થકી વિનંતી પાઠવેલ છે જેની નકલ આપશ્રીના ધ્યાને મુકવા અને યોગ્ય નિર્ણય સારુ અત્રે બિડાણ કરેલ છે.

આપશ્રીના હકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

[signature]

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer



Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org